ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના ડિગ્રી ઈજનેરી, ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે કોમન એન્ટરન્સ ટેસ્ટ બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
**ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦૨૦૧૨-૧૪૨-સ,**
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૧૯-૧૧-૨૦૧૬

સંદર્ભઃ (૧) શિક્ષણ વિભાગના તા.૨૮/૦૭/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક પવશ-૧૦૨૦૦૨-૨૪૬૪-સ
(૨) શિક્ષણ વિભાગના તા.૧૨/૦૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક પવશ-૧૦૨૦૦૨-૨૪૬૪-સ
(૩) શિક્ષણ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તા. ૨૯/૮/૨૦૧૨ થી મળેલ મંજુરી
(૪) શિક્ષણ વિભાગના તા.૨૮/૦૨/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક પવશ-૧૦૨૦૦૨-૨૪૬૪-સ
(૫) શિક્ષણ વિભાગના તા.30/0૪/૨૦૧૩ના જાહેરનામા ક્રમાંક GH/SH/11/2013/PVS/102012/142/S
(૬) કમિશ્નરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરીનો તા. ૧૭/૧૦/૨૦૧૬ નો પત્ર ક્રમાંક સીટીઇ/એકે/પ્રવેશ/ક(૨)/૨૦૧૫/૧૬/૨૮૫૬૫

<u>પ્રસ્તાવના</u>

ઉપર દર્શાવેલ સંદર્ભ (૧)ના ઠરાવથી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીનાં ડિગ્રી ઈજનેરી, ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી તેમજ મેડીકલ ફેકલ્ટીમાં પ્રવેશ મેળવવા માટે કોમન એન્ટરન્સ ટેસ્ટ લેવાનું ઠરાવવામાં આવેલ હતું. સંદર્ભ ક્રમાંક (૨)ના ઠરાવથી સંદર્ભ ક્રમાંક (૧)ના કેટલાક નિયમોમાં સુધારા કરવાનું ઠરાવેલ હતું. ત્યારબાદ સંદર્ભ (૩)થી મળેલ મંજુરી અન્વયે ડિગ્રી ઈજનેરી, ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે કોમન એન્ટરન્સ ટેસ્ટ તરીકે GUJCET ને સ્થાને JEE Main દાખલ કરવામાં આવેલ હતી. સંદર્ભ (૪) ના ઠરાવથી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના ટેકનીકલ શિક્ષણના અભ્યાસક્રમ; ડીગ્રી ઈજનેરીની પ્રવેશ પ્રક્રિયામાં GUJCET ની જરૂરીયાત રહેતી નહી હોવાનું ઠરાવીને સંદર્ભ ક્રમાંક (૧) ના ઠરાવમાં જ્યાં ડીગ્રી ઈજનેરીમાં પ્રવેશ અંગેનો ઉલ્લેખ હોય તે રદ કરવાનું ઠરાવેલ હતું.

પ્રસ્તુત બાબતે રાજ્યમાં આવેલ ડિગ્રી ઈજનેરી કોલેજોમાં પ્રવેશ માટે JEE Main પરીક્ષાને બદલે અગાઉની જેમ જ GUJCET પરીક્ષાને કોમન એન્ટરન્સ ટેસ્ટ તરીકે પુનઃસ્થાપિત કરવા બાબતની રજુઆતો સરકારશ્રીને મળેલ હતી. સદરહુ બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>

પુખ્ત વિચારણાને અંતે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીનાં ડિગ્રી ઈજનેરી, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે સંદર્ભ તળેનાં ઠરાવોની જોગવાઈઓમાં સુધારો કરી નીચે મુજબ સંકલિતપણે ઠરાવવામાં આવે છે.

(૧) ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહ પછીના ડિગ્રી ઈજનેરી, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં મેરીટ યાદી તૈયાર કરવા માટે હાલ કોમન એન્ટરન્સ ટેસ્ટ તરીકે JEE Mainની પરીક્ષા સંદર્ભ ક્રમાંક (૩) થી વર્ષ ૨૦૧૩થી ફરજીયાત કરવાનો નિર્ણય કરવામાં આવેલ. આ અંગેની સંદર્ભ (૫) થી જાહેર કરેલ પ્રવેશ પાત્રતાની કોમન એન્ટરન્સ ટેસ્ટ બાબતની JEE Mainની પરીક્ષાની જોગવાઈ રદ કરીને શૈક્ષણિક વર્ષ ૨૦૧૭થી કોમન એન્ટરન્સ ટેસ્ટ તરીકે GUJCET પરીક્ષા ફરજીયાત કરવાની જોગવાઈ દાખલ કરવામાં આવે છે.

(૨) **કોમન એન્ટરન્સ ટેસ્ટ - GUJCET પરીક્ષામાં ઉપસ્થિત થવાની પાત્રતા**

૨.૧ કોમન એન્ટરન્સ ટેસ્ટ - GUJCET પરીક્ષામાં ઉપસ્થિત થવાની પાત્રતા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર / સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યુ દિલ્હી / કાઉન્સીલ ફોર ધ ઈન્ડીયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન, ન્યુ દિલ્હી / નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઓપન સ્કૂલીંગ / ઈન્ટરનેશનલ સ્કૂલ બોર્ડ દ્વારા લેવામાં આવેલ ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ અથવા કોમન એન્ટરન્સ ટેસ્ટ – GUJCET માટે અરજી કરેલ હોય તે વર્ષમાં ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ઉપસ્થિત થવા આવેદનપત્ર ભરેલ હોય તેવા ઉમેદવારો.

૨.૨ મૂળ ગુજરાત રાજ્યના પરંતુ અન્ય રાજ્યમાં કેન્દ્ર / રાજ્ય સરકાર, સંરક્ષણ દળો કે કેન્દ્ર / રાજ્ય સરકાર સંચાલિત બોર્ડ / કોર્પોરેશનમાં ફરજ બજાવતા અધિકારીઓ / કર્મચારીઓના વારસદારો કે જેઓ તેમના ફરજના રાજ્યમાં આવેલ માન્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી ઉત્તિર્ણ થયા હોય અથવા

ધો. ૧૨ની પરીક્ષામાં આવેદન પત્ર ભરેલ હોય / ઉપસ્થિત થનાર હોય તેવા ઉમેદવારો.

(3) **પરીક્ષા માટેના વિષયો અને તેનું માળખુઃ**

3.૧ કોમન એન્ટરન્સ ટેસ્ટ – GUJCET માટે પ્રત્યેક વિષયદીઠ એક-એક ગુણના ૪૦ હેતુલક્ષી પ્રશ્નો લેખે ત્રણ વિષયના કુલ ૧૨૦ ગુણનું 3 કલાકનું પ્રશ્નપત્ર રહેશે.

3.૨ ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે જે વિદ્યાર્થીઓએ ગ્રુપ-એ રાખેલ છે, તેવા વિદ્યાર્થીઓએ રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને ગણિત એ ત્રણ વિષયની પરીક્ષા આપવાની રહેશે.

3.3 પ્રવેશ માટે મેરીટ લિસ્ટ તૈયાર કરવામાં આવે ત્યારે જે તે ગ્રુપના મુખ્ય વિષયો ધ્યાનમાં લેવાના રહેશે.

3.૪ એબી ગ્રુપ માટે વિદ્યાર્થીઓએ જે પરીક્ષા આપી હોય તે મુજબ તેમના મેરીટ માટે એ અથવા બી ગ્રુપના વિષયો પસંદ કરે તો જે તે ગ્રુપના વિષયોનું મેરીટ ગણવાનું રહેશે.

3.૫ ફાર્મસી અભ્યાસક્રમ માટે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ પવશ-૧૦૨૦૦૪-૩૪૬૭-સ તા. ૧૯-૧-૨૦૦૫ થી વિષય તેમજ ગ્રુપ નક્કી કરવામાં આવેલ છે. જે મુજબ ગ્રુપ-એ, ગ્રુપ-બી અને ગ્રુપ-એબી પસંદ કરેલ વિદ્યાર્થી પ્રવેશપાત્ર થાય છે. ફાર્મસી અભ્યાસક્રમ માટે અલગથી ગુણવત્તા યાદી બનાવવામાં આવશે, જેમાં રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને ગણિત અથવા જીવવિજ્ઞાન (બેમાંથી વધુ માર્કસ મેળવેલ વિષય)ના માર્કસ મુજબ ગુણવત્તા યાદી બનાવવાની રહેશે.

(૪) **પરીક્ષા માટે ફી નું ધોરણઃ**

અરજી કરનાર ઉમેદવારે પરીક્ષાની ફી અરજીની સાથે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર વખતોવખત નક્કી કરે તે મુજબ ફી ભરવાની રહેશે.

(૫) માધ્યમઃ

પરીક્ષાનું માધ્યમ અનુક્રમે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં રહેશે.

(૬) પરીક્ષાનું સંચાલનઃ

કોમન એન્ટરન્સ ટેસ્ટ પરીક્ષાનું સમગ્ર સંચાલન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે અને તે માટેના નિયમો બોર્ડ દ્વારા બનાવવામાં આવશે.

(૭) પરીક્ષા કેન્દ્રોઃ

ઉમેદવારો માટેના પરીક્ષા કેન્દ્રો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ નક્કી કરશે.

(૮) પ્રશ્નપત્રોનું સ્વરૂપઃ

પ્રશ્નપત્રો હેતુલક્ષી પ્રકારના હશે અને તેના ચાર વિકલ્પ આપવામાં આવશે. તેમાંથી જવાબ Optical Mark Reader (OMR) જવાબવહીમાં દર્શાવવાના રહેશે. મૂલ્યાંકનની કામગીરી કોમ્પ્યુટરાઈઝેશન પદ્ધતિથી કરવામાં આવશે.

(૯) પરીક્ષા માટેનો અભ્યાસક્રમઃ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહના જે પાઠ્ય પુસ્તકો અમલમાં હોય તે પાઠ્ય પુસ્તકો મુજબના અભ્યાસક્રમમાંથી હેતુલક્ષી પ્રશ્નપત્રો તૈયાર કરવા અંગેની કામગીરી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ કરશે. માર્ચ-૨૦૧૭માં લેવાનાર કોમન એન્ટરન્સ ટેસ્ટ - GUJCET પરીક્ષા માટેનો વિષયવાર અભ્યાસક્રમ હાલના ધોરણ-૧૨ના ગુજરાત બોર્ડના સેમેસ્ટર-૩ અને સેમેસ્ટર-૪ના અભ્યાસક્રમ મુજબનો રહેશે. માર્ચ-૨૦૧૮ તથા તે પછીના વર્ષોમાં લેવાનાર કોમન એન્ટરન્સ ટેસ્ટ - GUJCET પરીક્ષા માટેનો વિષયવાર અભ્યાસક્રમ ધોરણ-૧૨ના ગુજરાત બોર્ડના જે તે સમયના વાર્ષિક અભ્યાસક્રમ મુજબનો રહેશે.

(૧૦) પ્રશ્નપત્રોના મૂલ્યાંકનની પદ્ધતિઃ

૧૦.૧ જવાબો OMR જવાબવહીમાં જ આપવાના રહેશે.
૧૦.૨ પ્રત્યેક સાચા જવાબ માટે તે માટે નક્કી કરેલ ગુણ આપવામાં આવશે.

૧૦.૩ એક હેતુલક્ષી પ્રશ્નનો ખોટો જવાબ આપેલ હોય તો તે માટે ૦.૨૫ ગુણ ઓછા (માઈનસ) કરવાના રહેશે. તેમજ એક જ હેતુલક્ષી પ્રશ્નના ચાર વિકલ્પો પૈકી વિદ્યાર્થી બે કે તેથી વધુ વિકલ્પો ઉપર નિશાન કરશે તો એક ગુણ ઓછા (માઈનસ) કરવાના રહેશે.

(૧૧) **પરીક્ષા માટેની સમિતિ:**

કોમન એન્ટરન્સ ટેસ્ટ પરીક્ષાના અનુસંધાને પરીક્ષા માટેની સમિતિ દ્વારા જે સૂચના / નિર્ણયો બહાર પાડવામાં આવે તેનો અમલ કરવાનો રહેશે. આ પરીક્ષાના સંચાલન માટે નીચે મુજબની સમિતિ રહેશે. જે પરીક્ષાનું સંચાલન, યોજના પરીક્ષાને લગતા વિવિધ કાર્યો માટેની ફી, મહેનતાણા, પ્રાશ્નિકો, પરીક્ષા કેન્દ્રો, આવેદનપત્રોના નમુના અને માહિતી, અભ્યાસક્રમ, પરીક્ષાનો કાર્યક્રમ, પરીણામ જાહેર કરવા અને પરીક્ષા સંચાલન અને ઉપસ્થિત થતી સર્વે બાબતોની વિચારણા કરશે અને તે અંગે નિર્ણય લેશે અને જરૂર પડે સરકારશ્રી સાથે પરામર્શ કરશે.

| | | |
|---|---|---|
| ૧. | અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર | અધ્યક્ષશ્રી |
| ૨. | કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગુ.રા., ગાંધીનગર | સભ્યશ્રી |
| ૩. | કમિશ્નરશ્રી, ટેકનિકલ શિક્ષણ, ગુ. રા., ગાંધીનગર | સભ્યશ્રી |
| ૪. | કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ | સભ્યશ્રી |
| ૫. | કમિશ્નરશ્રી, મ. ભો. યો. અને શાળાઓની કચેરી, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૬. | સંબંધિત પ્રવેશ સમિતિના સભ્ય સચિવશ્રી | સભ્યશ્રી |
| ૭. | નાયબ નિયામકશ્રી (પરીક્ષા, વિજ્ઞાન પ્રવાહ), ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગર | સભ્ય સચિવશ્રી |

(૧૨) કોમન એન્ટરન્સ ટેસ્ટ માટેનો જે ખર્ચ થાય તે ખર્ચ કોમન એન્ટરન્સ ટેસ્ટમાં ઉપસ્થિત થયેલ વિદ્યાર્થીઓની ફીની આવકમાંથી કરવાનો રહેશે અને તે અંગેના અલગ હિસાબો રાખવાના રહેશે.

(૧૩) **ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીનાં ડિગ્રી ઈજનેરી, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની જોગવાઈ:**

૧૩.૧ ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીનાં ડિગ્રી ઈજનેરી, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેના નિયમોની જોગવાઈઓ અન્વયે રાજ્યની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ

કોર્ષિસ (ACPC) દ્વારા ભરવામાં આવતી "સરકારી બેઠકો" (Government Seats) તથા સ્વનિર્ભર સંસ્થાઓ દ્વારા ભરવામાં આવતી "મેનેજમેન્ટ બેઠકો" (Management Seats) અંગેની મેરીટની ગણતરીમાં કોમન એન્ટરન્સ ટેસ્ટ પરીક્ષા તરીકે GUJCET પરીક્ષાના પરિણામને જ ધ્યાને લેવામાં આવશે.

૧૩.૨ ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીનાં ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે સંબંધિત જાહેરનામા અન્વયેના પ્રવેશ નિયમોમાં જે સંસ્થાઓ / યુનિવર્સિટીઓ માટે પ્રવેશ અંગેની ખાસ જોગવાઈ રાખવામાં આવી છે તે સંસ્થાની ૫૦% બેઠકો ઉપર ACPC દ્વારા પ્રવેશ માટે GUJCET પરીક્ષાના પરિણામને જ મેરીટ માટેની ગણતરીમાં ધ્યાને લેવામાં આવશે.

૧૩.3 ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીનાં ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે સંબંધિત જાહેરનામા અન્વયેના પ્રવેશ નિયમોમાં જે સંસ્થાઓ / યુનિવર્સિટીઓ માટે પ્રવેશ અંગેની ખાસ જોગવાઈ રાખવામાં આવી છે તે સંસ્થા / યુનિવર્સિટી દ્વારા ઓલ ઈન્ડીયાના ધોરણે ભરાતી ૫૦% બેઠકો ઉપર પ્રવેશ માટે JEE Main પરીક્ષાના પરિણામને મેરીટ માટેની ગણતરીમાં ધ્યાને લેવામાં આવશે.

૧૩.૪ સેન્ટ્રલી ફન્ડેડ ઈન્સ્ટિટ્યુટસ જેવી કે IITs, NITs, IIITs અને આવી અન્ય રાજ્યોની સંસ્થા/યુનિવર્સિટીઓની બેઠકો ઉપર પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ JEE Main પરીક્ષાની પદ્ધતિ અનુસરવાની રહેશે.

**(૧૪) ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીનાં ડિગ્રી ઈજનેરી, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગેની મેરીટ યાદી તૈયાર કરવા માટેની જોગવાઈઃ**

૧૪.૧ ડિગ્રી ઈજનેરી, ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહમા વિદ્યાર્થીએ પસંદ કરેલ ગ્રુપ વિષયો (A અથવા B અથવા AB)ના થિયરી પર્સેન્ટાઈલનાં ૬૦% અને GUJCETનાં પર્સેન્ટાઈલનાં ૪૦%ને ગણતરીમાં ધ્યાને લઈને પ્રવેશ અન્વયે વખતોવખતની નિયમોની જોગવાઈને આધારે સંબંધિત પ્રવેશ સમિતિ દ્વારા મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે અને તે મુજબ વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવશે.

૧૪.૨ માર્ચ ૨૦૧૭માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનાર ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષામાં ઉપસ્થિત થનાર વિદ્યાર્થીઓના ધો. ૧૧ અને ધો. ૧૨ના ચારેય સેમેસ્ટરનાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર/ જીવવિજ્ઞાનનાં વિષયોમાં મેળવેલ થિયરી પર્સેન્ટાઈલ નાં ૬0% અને GUJCETનાં પર્સેન્ટાઈલનાં ૪0% ભારાંક (Weightage) મુજબ મેરીટ યાદી તૈયાર કરી પ્રવેશ આપવામાં આવશે.

૧૪.3 માર્ચ ૨૦૧૮થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનાર ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહની વાર્ષિક પરીક્ષામાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર/જીવવિજ્ઞાનનાં વિષયોમાં મેળવેલ થિયરી પર્સેન્ટાઈલનાં ૬0% અને GUJCETનાં પર્સેન્ટાઈલનાં ૪0% ભારાંક (Weightage) મુજબ મેરીટ યાદી તૈયાર કરી પ્રવેશ આપવામાં આવશે.

૧૪.૪ માર્ચ ૨૦૧૭થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સિવાયના અન્ય માન્ય બોર્ડનાં વિદ્યાર્થીઓ માટે ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહની સંબંધિત બોર્ડની વાર્ષિક પરીક્ષામાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર/જીવવિજ્ઞાનનાં વિષયોમાં મેળવેલ થિયરી પર્સેન્ટાઈલનાં ૬0% અને GUJCETનાં પર્સેન્ટાઈલનાં ૪0% ભારાંક (Weightage) મુજબ મેરીટ યાદી તૈયાર કરી પ્રવેશ આપવામાં આવશે.

(૧૫) **તબીબી શિક્ષણ સંલગ્ન અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા કોમન એન્ટરન્સ ટેસ્ટ સંબંધિત નિયમો જાહેર કરવામાં આવશે.**

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અશોકસિંહ પરમાર)
નાયબ સચિવ (ઉચ્ચ અને ટે.શિ)
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામ. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.

- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (ઉ. અને ટે.શિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રી / રા.ક.નાં મંત્રીશ્રીનાં અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (આરોગ્ય) આરોગ્ય વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (ઉચ્ચ અને ટેક. શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, સર્વે યુનિવર્સિટીઓ
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ના.સે.અધિ. સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.